## સલામી સવારની..

*નગદ નહીં, માંગીએ મોત, તો પણ દેતો નથી!*
*ચતુર કાગડો કોઈનું આળ પણ લેતો નથી!*
*કે'તો નથી એ મૂઆને મર, જોયા કરે નાયક!!*
*કરાવી કર્મ એ દે સજા, આજનો કૈ નેતો નથી !*

### હાઈકુ

*પડી છે ટેવ!*
*મફતનું ખાવાની -*
*નેતાઓ જેમ...*
*(લોન માફી આંદોલનો...)*

*કરે મૂર્ખામી!*
*વ્યાપારી વાવણી ને -*
*ટેકાના ભાવ!?*
*(કમાણીમાં કોઈને ટેકો દો છો)*
*(બટકા-ટમેટાં રસ્તે નાખી દો છો?!)*

### ચિંતન

*પિશુનઃ શ્રોતા પુત્રદારૈરપિ ત્યજ્યતે ।*

ઉપરોક્ત શ્લોક નીતિસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

ચાડીખોર વ્યક્તિને એન પુત્ર-પત્ની પણ ત્યદી દે છે.

એકની વાત સાંભળી બીજાને કહી, એ બંને વચ્ચે કહલ-કંકાસ જન્માવવાની ઘણાને આદત પડી ગઈ હોય છે. આવી ચુગલીખોર વ્યક્તિ સૌનો વિશ્વાસ ગુમાવી બેસે છે અને ક્યારેક તો એવી દશા આવે છે કે એની આ આદતથી ત્રાસી એનાં પુત્ર-પત્ની પણ એનો ત્યાગ કરી દે છે.

ઘર-પરિવારમાં દરેક વ્યક્તિ જો એકમેક ને હૃદયથી પ્રેમ કરે અને કોઈની ચાડીચુગલી નિંદા ન કરે તો એકમેક પ્રત્યે વિશ્વાસનું - પ્રેમનું વાતાવરણ વિકસે છે કલહને કુટુંબમાં સ્થાન રહેતું નથી. માણસે નિખાલસ સ્પટવક્તા રહેવું જોઈએ.

### સુવિચાર

- જિસકો યહ જિંદગી મુસાફિરખાના દિખાઈ પડતી હૈ, ઉસકી હીં આંખે મોક્ષની તરફ ઉઠતી હૈ - **ઓશો**
- પોતાની ભૂલ જોઈ ન શકનાર જીવે છે ખરો પણ જીવી જાણતો નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- ડૉક્ટર પાસે ઈલાજ કરાવનાર ઈશ્વરવાદીઓ ખરેખર તો 'નાસ્તિક' જ છે કારણ કે અંદરખાનેથી તેઓ ને ઈશ્વરની વિવેકબુદ્ધિ ઉપર વિશ્વાસ નથી - **અખંડ આનંદ**
- સુખી થવું હોય તો જીવનમાં કાયદા કરતાં વિશ્વાસને વધારે મહત્ત્વ આપવું જોઈએ - **મોરારિ બાપુ**
- ધારદાર દલીલો કરવાથી દાવો જીતી શકાય, દિલ નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- વ્યસન એ જીવનના ખાલીપણાની નિશાની છે - **ગુણવંત શાહ**
- આજનું ઔષધ : નાસપતિના રસનું નિયમિત સેવન કરવાથી ત્વચા કોમળ થાય છે અને સ્નિગ્ધ બને છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રાજા રાણીના આનંદનો કોઈ પાર નહોતો. એક સંતે રાજાને માદળિયું આપ્યું હતું, સમય જતાં એ માદળિયાના પ્રતાપે રાજાને ત્યાં પુત્રનો જન્મ થયો હતો, સૌ કોઈ સંતના મદળિયાના પ્રભઆવની વાતો કરતા હતા.

જોગાનું જોગ સંત પણ નગરમાં હતા. રાજાને ખબર પડી એટલે તેમને વાજતે ગાજતે મહેલમાં પધારવા સામૈયાની તૈયારી કરી. રાજાએ ચમત્કારિક માદળિયા થકી પુત્ર રત્ન જન્મ્યાની વાત કરી. સંતના ચરણમાં એક સો સોનામહોરો મૂકી. સંતે કહ્યું, 'આ શું છે ?' રાજાએ કહ્યું, 'થોડીક સોના મહોરો છે.' સંતે કહ્યું, 'શા માટે ?' રાજાએ કહ્યું, 'આપની કૃપાથી મારે ત્યાં પુત્ર જન્મ થયો છે.' સંતે કહ્યું, 'એમ એવું કેવી રીતે ?' સંત તો માદળિયાની વાત જ ભૂલી ગયા ગયા.

રાજાએ એ માદળિયું ગળામાંથી કાઢી સંતને આપ્યું. સંતે એ માદળિયું સૌના દેખતા ખોલ્યું અને અંદરથી કાગળની એક ચબરખી કાઢી રાજાને કહ્યું, 'આ કાગળમાં જે લખ્યું છે તે જોરથી વાંચી સંભળાવો.' રાજા બોલ્યા, 'રાજા કો લડકા હુઆ તો ભી હમકો ક્યાં? અગર ન હુઆ તો ભી હમકો ક્યાં ?'

સંતે ઘટસ્ફોટ કરતા કહ્યું, 'રાજન ! કોઈ ખૂબ આગ્રહ કરે ત્યારે અમે આવું લખી આપીએ છીએ... બાકી કોઈ કોઈને આપી દેતું નથી કે કોઈ કોઈનું લઈ નથી શકતું, કર્મ પ્રમાણે સૌને મળે છે અને સૌ કર્યા કરમો ભોગવે છે.'

એમ કહી સોના મહોરો પાછી આપી સંત ચાલી નીકળ્યા.

# નેતાઓને ખુરશી છોડવી નથી

**તંત્રીસ્થાનેથી...**

રશિયાના સદાબહાર યુવાનની આંતરરાષ્ટ્રીય ઈમેજ ધરાવનારા વ્લાદિમીર પુતીન, ચીનનાં શી જિંગ પીન અને ભારતના નરેન્દ્ર મોદી વચ્ચે કઈ બાબત 'કોમન' છે ? ત્રણેયની બૉડી લૅન્ગ્વેજ અલગ છે, સંસ્કારો અને વિચારોમાં આસમાન જમીનનું અંતર છે, પોતાના દેશના વિકાસના મુદ્દે પણ એમના વિચારોમાં સમાનતા નથી પરંતુ જે એક મુદ્દો સંપૂર્ણ સમાનતા છે તે એ કે એમને સત્તા બહુ જ પ્રિય છે. શક્ય હોય તો તેઓ આજીવન આ સત્તાની દેવીના સુંવાળા ખોળામાં આટોળવાનું પસંદ કરશે. રશિયામાં સામ્યવાદ ખતમ થયા પછીના દૌરમાં સૌથી લોકપ્રિય નેતા તરીકે ઊપસી આવેલા પુતીન રાજનેતા કરતાં વધારે તો અખાડાના પહેલવનાર લાગે છે. તેઓ અવારનવાર પોતાની શારીરિક સમૃદ્ધિનો પરચો બતાવતા રહે છે. ઠંડાગાર જળાશયમાં ડૂબકી લગાવે છે એન વિવિધ પ્રકારની કસરતો કરતા રહે છે. ફૂટબોલ રમે છે. ઉંમરને તેઓ ઘોળીને પી ગયા છે. પોતાના દેશની સુંદરીઓને આકર્ષી શકે અને અને એ પૈકીની સૌથી રૂપાળી સુંદરી સાથે સહવાસ પણ માણે છે. પુતીન રશિયાને એની ખોવાયેલી ઓળખ પાછી અપાવવા કૃતસંકલ્પ છે. તેથી તેઓ અમેરિકા સામે અવારનવાર લાલ આંખ કરતા રહે છે. સિરિયા મુદ્દે એમનું અમેરિકા વિરોધી વલણ જાણીતું છે. તેઓ સત્તાનાં નવાં વૈશ્વિક સમીકણો માંડવાની પહેલ પણ કરે છે. ભારત અને પાકિસ્તાન બેઉ સાથે મીઠા સંબંધો સાચવે છે. જરૂર પડ્યે એમેરિકા સામે મોરચો માંડવા ચીન અને પાકિસ્તાન સાથે મળી ઉત્તર કોરિયાના સરમુખત્યારનું સમર્થન પણ કરી શકે છે. ચીનના વર્તમાન સર્વેસર્વા શી જિંગ પીન દેશમાં 'અંકલ' તરીકે ઓળખાય છે. એમને યુવાનો ચીનના માઓ ઝેંડાગ પછીના સૌથી શક્તિશાળી નેતા તરીકે સ્વીકારે છે. એમની પાર્ટીને તેઓ ખીસામાં રાખીને ચાલતા હોઈ દેશનું બંધારણ બદલતાં વાર ન લાગી. બે વાર પ્રમુખપદ ભોગવી ચૂકેલા શી જિંગ પીનને નિવૃત્ત જ થવું પડે એવી બંધારણીય મર્યાદાને એમને પ્રચંડ બહુમતીથી ફગાવી દીધી અને આજીવન ચીનના સર્વોચ્ચ્ નેતા પદે આરૂઢ થઈ શકે એવી લાઈન ક્લિયર કરી દીધી. શી જિંગ પીન ચીનની અસ્મિતાના પ્રતીક પુરુષ બનીને ઊપસ્યા છે. જરૂર પડ્યે ઠાવકાઈ ભરી મિત્રતાનો દાવો કરનાર શી જિંગ પીન અમેરિકા અને ભારતને અવારનવાર ચૂંટણી ખણતા રહે છે. તેઓ હવે ચીનને વિશ્વની સર્વોચ્ચ સત્તા બનાવવા કૃતસંકલ્પ છે. ભારત દક્ષિણ એશિયાનાં નાનકડાં રાષ્ટ્રોની આંતરીક બાબતોમાં ડખા ન કરે, બલકે એ અધિકાર તો ચીનનો જ છે, એવી સ્પષ્ટ સમજણ સાથે શી જિંગ પીન ચીનનું ત્રીજી વાર સુકાન સંભાળવા અને આજીવન નેતૃત્વ કરવા સજ્જન બન્યા છે. આપણા મહત્ત્વાકાંક્ષી, વિશ્વકક્ષાના વડાપ્રધાનની સત્તાની મુદત ૨૦૧૯માં પૂરી થતી હોવા છતાં તેઓ ૨૦૨૨ અને ૨૦૨૫ની યોજનાઓ ઘડતા રહે છે, તે જ એમની સત્તાપરસ્તીનું સૂચક નથી શું ?

# જુલમ સહન કરનાર જુલમ કરનાર કરતા વધુ ગુનેગાર છે

મધ્યમ વર્ગની ઉર્વશી સાસરામાં પોતાને કોઈ પરી કે અપ્સરાથી ઝરાય કમ સમજતી ન હતી. અને સમજે પણ શું કામ નહીં, એક તો તે દેખાવે ખુબ જ સુંદર અને રૂપાળી હતી. તેનો લાંબો કેશકલાપ, અણીયારી આંખો, મલકતા હોઠ અને ચાલમાં જોબનનો ઠસ્સો. તેમાં વળી તેની સાસુ રમાબા એ તેને હીરા અને સોનાના આભૂષણો અને મોંઘાદાટ દુલ્હનનાં વસ્ત્રોથી એવી અપ્રતિમ શણગારી હતી કે જોનાર જોતાં જ રહી જાય.

રમાબાની બહેનપણીઓ, શેરીની બીજી યુવાન સ્ત્રીઓ અને બાલિકાઓ નવોઢાએ જોવા ઉમટી પડી હતી. સૌ કોઈ રમાબાનાં વખાણ કરતાં હતા.

'બહેન તમે દીકરાના લગ્નમાં દહેજ ન લઈને એક જબરજસ્ત દાખલો બેસાડ્યો છે.'

'અરે વહુ, તમારી સાસુને કારણે અનેક વહુ-દીકરીઓનાં જીવન બરબાદ થતાં બચી જશે.'

'આવતા અઠવાડીયે તમને ઉત્કૃષ્ટ સમાજ એવા માટે કદાચ સન્માનિત કરવાનાં છે ખરું ને ?'

'એ તો બધી તમારા સૌની કૃપા છે.' રમાબા એ કોઈ નેતાના અંદાજમાં હાથ જોડતાં કહ્યું.

'બા તમે આ બાબતમાં શું કહેવા માંગો છો.' એક ચીબાવલી પાડોશણે પુછ્યું.

'હું તો બસ એટલું જ કહીશ કે જુલ્મ કરવાવાળા કરતાં જુલ્મ સહન કરનાર વધુ ગુનેગાર છે.'

બધી પાડોશણોએ તેમની આ વાત પર હકારમાં માથું હલાવ્યું અને ખુશ થતાં પોતપોતાનાં ઘર તરફ ગઈ.

સાંજ ઢળતા આવી હતી. તેનો પતિ ઉર્મિલ હજુ આવ્યો ન હતો. તે વારંવાર બારણાંની બહાર નજર દોડાવતી હતી.

ઉર્વશી આજ ખુબ ખુશ હતી. હૃદયમાં ઉર્મિઓ ઉછાળા મારતી હતી. તે પોતાને નસીબદાર તો સમજતી જ હતી પણ આજે તેને પોતાનું સપનું ઈચ્છાઓથી પણ કંઈક વધુ સાકાર થતું હોય તેમ લાગતું હતું. તે પોતાની મમતામયી સાસુ પગ ધોઈ પોતાના જીવનને સફળ કરવા માંગતી હતી.

ઉર્વશી હવે એકલી પડી હતી. તે આ ક્ષણની જ વાટ જોતી હતી. તે પોતાની સાસુના ખોળામાં માથું રાખીને દિવંગત માં ના સ્પર્શનો અહેસાસ કરવા માંગતી હતી. તે બેઠી થઈ અને જયાં તેની સાસુની નજીક પહોંચી ત્યાં તો તેની સાસુ ત્રાડુકી ઉઠી.

'વહુ તું એવું ન સમજતી કે અમે તને અહીં રાણી બનાવીને રાખીશું, ઘરનાં બધાં કામ તારે જ કરવા પડશે. તારે સવારના વહેલાં ઊઠી જવાનું જેથી સમયસર ચ્હા નાસ્તો બની શકે. ઉર્મિલ ઑફિસે જાય એટલે કપડાં ધોઈ નાંખવાના અને અગાસી પર જઈ સૂકવી આવવાનાં, હું પૂજા કરી લઉં એટલે મને બીજી વખત ચ્હા જોઈએ છે તેની તને ખબર હોવી જોઈએ. તારા સસરાને સાડા દસે પેઢી પર જવાનું હોય છે. જેથી જમવાનું તૈયાર થઈ જવું જોઈએ.'

'હાં, બા' ઉર્વશીએ કહ્યું.

'અને હા, બપોરે ઘોરવાનું નથી સમજીને ઘરની સાફ સફાઈ, અનાજ, મસાલા બધું બરાબર ચોખ્ખું જોઈએ. તે પછી શાક માર્કેટમાંથી શાકભાજી લેવા પણ તારે જ જવું પડશે. હું મંદિરે જઈને આવું તે દરમિયાન ટીવી જોવા કે મોબાઈલ મચેડવા બેસી ના જતી. સાંજે તારા સસરા વહેલા આવે છે. થાકી પણ ગયા હોય, તેમના માટે જમવાનું તૈયાર જોઈએ સમજીને.'

'જી, બા તમે કહેશો એમ જ થશે.' ઉર્વશી જાણે સાસુનું બીજું રૂપ જોઈ રહી હતી.

'એક વાત બીજી પણ સાંભળી લે, કાલે પગફેરાનો રિવાજ કરવા પિયરમાં જાય ત્યારે તારા બાપ પાસેથી પાંચ લાખ રૂપિયા લેતી આવજે.' રમાબાનો ચહેરો વિકૃત થઈ ગયો હતો. ઉર્વશીનો પતિ આવી તો ગયો હતો પણ તે ચૂપચાપ ઊભો ઊભો માં ની હાં માં હાં મિલાવી રહ્યો હતો.

એકાએક ખુશનુમા વાતાવરણમાં પલ્ટો આવતાં થોડી ક્ષણો માટે તો ઉર્વશી જડવત થઈ ગઈ. તેની તમામ જીજ્ઞાસાઓ શાંત થઈ ગઈ હતી.

પરંતુ અચાનક તેણે ચંડી સ્વરુપ ધારણ કર્યું અને બોલી, 'તમે એ વાત બરાબર કરેલી કે જુલમ સહન કરનાર જુલમ કરનાર કરતા વધુ ગુનેગાર છે.'

એટલું કહી ઉર્વશી સાસરાના ઘરનો ઉંબરો ઓળંગી ચાલી નીકળી ત્યારે પેલાં માં દીકરો કોઈ પંખીઓની પાંખો કપાઈ ગઈ હોય અને તેને ફફડાવી શકે તેમ પણ ન હોય એ રીતે ચૂપચાપ ઊભાં હતાં.

# બહેરું આયખું, મૂંગી વ્યથા




મંદા હજુ સાવ અવાચક હતી. વિસ્ફારીત આંખોથી એ અહીં-તહીં કશુંક જોઈ રહી હતી. કારતકની હજુ શરુઆત હતી પણ ઠંડીનો સપાટો વહેલો હતો. સંધ્યાકાળના માથે અંધકારના ઓળા ઉતર્યા હતા. ગળતા નળની માફક થોડી થોડી વારે મંદાનું નાક નીતરી આવતું હતું. સલવાર કમીજ થોડા મેલા-ઘેલા અને ક્યાંક થીંગડાવાળા હતા. માથાના વાળ જરાક બાંધેલા પણ કબૂતરના માળા જેવા અસ્તવ્યસ્ત.

એના ગળામાં સૂતળી જેવી દોરીમાં કાણાવાળી કોડી બાંધેલી ને એક હાથમાં બંગડીઓના હારડા તો બીજો હાથ સાવ ખાલી. થોડી થોડી વારે મંદા કશુંક બબડતી રહેતી પણ એ બબડાટ કોઈની સમજમાં આવતો નહિ. વયના વાર્ધક્યને આરે પહોંચેલા સિત્તેરેક વર્ષનાં મણિબા બેઉ હાથના ઈશારા અને મ્હોંના હાવભાવ કરીને મંદા સાથે સંવાદ સાધવાનો પ્રયાસ કરે છે. આવા ઈશારાની ભાષા તો મંદ અને મણિબા, એ બેઉ જ જાણે.

પૂર્વ અમદાવાદના પરા વિસ્તારની શ્રમજીવી વસાહતમાં એક ખોલી જેવડી ઓરડીમાં શેષજીવન ગાળતાં મણિબા વાત માંડે છેઃ ''મારી દીકરી મધુને લાડકોડથી ઉછેરીને મોટી કરી હતી. એના બાપુ તો અમને મૂકીને ક્યારના સ્વર્ગે સિધાવી ગયા હતા. લોકોના ઘરકામ કરી કરીને ઘર ચલાવ્યું છે. મધુને જેમ તેમ કરીને સમાજમાં સારું ઘર અને સારો વર જોઈને પરણાવી હતી. પરંતુ મધુએ જ્યારે આ મંદાને જન્મ આપ્યો ત્યારથી તેણે કોઈ અપરાધ કર્યો હોય એમ પતિ અને સાસરિયાં માટે અળખામણી થઈ ગઈ.''

મધુનું નસીબ પણ એવું પાધરું કે એને એક તો દીકરી અવતરી અને એ પણ બહેરી-મૂંગી નીકળી. એનું નામ પાડેલું મંદા. મંદા જેમ જેમ મોટી થતી ગઈ તેમ તેમ ખબર પડતી ગઈ કે તેનું મગજ પણ બરાબર કામ કરતું નથી. આથી મધુ ઉપર પતિ અને સાસરિયાંનો ત્રાસ વધતો જતો હતો. અસહ્ય ત્રાસથી કંટાળીને એક દિવસ મધુએ અગનપછેડી ઓઢી લીધી હતી. મધુના મૃત્યુ સાથે જ મંદા નોંધારી થઈ ગઈ. જમાઈ મંદાને મણિબા પાસે મૂકીને ગયા તે ગયા. આજની ઘડી ને કાલનો દહાડો. પચ્ચીસ વર્ષની મંદા પોતાની મા ગુજરી ગઈ ત્યારે માંડ અગિયાર-બાર વર્ષની હતી. આજે ઘરડે ઘડપણ મણિબાના માથે મંદા અનિવાર્ય જવાબદારી બની ગઈ હતી.

કોઈ બાળકને સાચવવું અને મંદાને સાચવવી, એ બેઉ સરખું. મંદાને રોજ સવારે નવડાવી, ધોવડાવીને તૈયાર કરવાની, એના માથાના વાળ ઓળી આપવાના, એના કપડાં બદલાવી આપવાના, જમવા બેસાડીને મ્હોંમાં કોળિયા પણ ભરી આપવાના. આ બધું કામ બોલીએ છીએ એટલું સહેલું નથી હોતું. વળી મંદા ભીને વાન એવી કે લોકો એને એકીટશે જોઈ જ રહે. એને જોતા વેંત તો કોઈનેય ખબર જ ના પડે કે એનું મગજ આમ મંદ હશે.

મણિબા બોલતાં ગયાં કે ''મંદાને રોજ સવારે હું તૈયાર કરું એ પછી તે આખી ચાલીમાં ઘુમી વળે. છેક રોડ સુધી આંટો મારતી આવે. એને

> **મણિબા પડોશી પશાકાકા અને રમેશ સાથે હૉસ્પિટલ પહોંચ્યા હતા, મંદા ઉલટીઓની ગંદકી વચ્ચે ગંદા કપડામાં સાવ જ દયાજનક હાલતમાં બેઠી હતી. હૉસ્પિટલ સ્ટાફમાં પુછપરછ કરતા ફરજ ઉપરના તબીબે જાણ કરી કે આ યુવતી પ્રેગનન્ટ છે**

આખો દિવસ બીજું કામ પણ શું? બસ, ફર્યા કરે. જ્યારે કોઈ કામ ન હોય ત્યારે અમારા ઘરની બહારના ઓટલે બેસી રહે. એક દિવસ આવી જ શિયાળાની સાંજ હતી. અંધારું થવા આવ્યું હતું. હું ઘરમાં દીવાબત્તી કરતી હતી અને મંદા એના મૂડ પ્રમાણે ચાલીમાં આંટો મારવા નીકળી હતી. બસ, એ ગઈ તે ગઈ.''

છેક મધરાત સુધી મણિબાએ મંદાની રાહ જોઈ પણ તે ઘરે પાછી ફરી નહિ. તપાસ કરતા ખબર પડી કે બાજુની ચાલીમાં રહેતા બે યુવકો એને મોટરસાઈકલ ઉપર વચ્ચે બેસાડીને ક્યાંક લઈ ગયા છે. એ યુવકોના ઘરે જઈને તપાસ કરતા ખબર પડી કે એ બેઉ જણા તો રાતથી ઘરે ગયા જ નથી.

સવાર પડતા જ પડોશીઓએ કહેલું કે પોલીસને જાણ કરવી જોઈએ અને પેલા યુવકો વિરુદ્ધ ફરિયાદ કરવી જોઈએ. કેટલાક લોકો વળી એમ કહેતા હતા કે મણિબાએ આ ઉંમરે પોલીસ સ્ટેશનની ઝંઝાળમાં પડવું જોઈએ નહિ. નાહકના આંટાફેરા કરવાના અને ન્યાય માટે પગથિયા ઘસવાના. જો કે મણિબાએ પડોશીઓના સથવારે પોલીસ ફરિયાદ લખાવી અને પોલીસે તપાસ પણ કરી. છતા બધી તપાસનું પરિણામ મીંડુ જ આવ્યું. દિવસો ઉપર દિવસો અને મહિના ઉપર મહિનાઓ વીતતા ગયા પણ મંદાની ભાળ મળી નહોતી.

સમય વીત્યે જતો હતો. એક દિવસ પડોશમાં રહેતા પશાકાકાએ અને કૉલેજમાં ભણતા રમેશે મણિબાનું ધ્યાન ખેંચ્યું હતું કે ''આજના પેપરમાં જબરો કિસ્સો આવ્યો છે. એક મંદ બુદ્ધિની અને ઉપરથી પાછી બહેરી-મૂંગી યુવતીને મેન્ટલ હૉસ્પિટલમાં મા-બાપ તરીકે ઓળખ આપીને મૂકી ગયેલાં સ્ત્રી-પુરુષ પોલીસના હાથે આબાદ ઝડપાઈ ગયાં છે. મણિબા તમારે તપાસ તો કરવી જ જોઈએ કે એ યુવતી આખરે છે કોણ?''

મણિબાને પણ થયું કે ''લાવ, જઈને જોઉં તો ખરી કે એ અભાગી છોકરી છે કોણ?''

મણિબાએ આખરે મેન્ટલ હૉસ્પિટલની વાટ પકડી. જઈને જોયું તો તેઓ ચોંકી ગયાં. તેમની ધારણા કમભાગ્યે સાચી પડી હતી. એ અભાગી કન્યા બીજું કોઈ નહિ, પણ મણિબાની મંદા જ હતી. મણિબા પડોશી પશાકાકા અને રમેશ સાથે હૉસ્પિટલ પહોંચ્યા હતા. મંદા ઉલટીઓની ગંદકી વચ્ચે ગંદા કપડામાં સાવ જ દયાજનક હાલતમાં બેઠી હતી. હૉસ્પિટલ સ્ટાફમાં પુછપરછ કરતા ફરજ ઉપરના તબીબે જાણ કરી કે આ યુવતી પ્રેગનન્ટ છે.

પોલીસને જાણ કરવામાં આવી કે મંદા મળી ગઈ છે અને હૉસ્પિટલમાં પ્રેગનન્ટ હાલતમાં છોડી દેવામાં આવી હતી. પોલીસે તપાસનો દોર આગળ વધારીને મણિબાની ચાલી પાસેની ચાલીમાં રહેતા રાજુ અને તેના સાથીદારને આખરે ઝડપી લીધા ને જેલ હવાલે પણ કર્યા. પોલીસે મંદાનો મેડિકલ ટેસ્ટ કરાવ્યો અને તેને જરુરી સારવાર પણ કરાવી. બીજી તરફ રાજુની પણ તબીબી તપાસ કરાવી હતી. મેડિકલ રિપોર્ટના આધારે એ વાત સ્પષ્ટ થઈ ગઈ હતી કે મંદાના પેટમાં રાજુનું જ બાળક ઉછરી રહ્યું હતું.

રાજુએ મંદાનું અપહરણ કર્યા બાદ તેને જુદા જુદા સ્થળોએ ફેરવીને તેના ઉપર વારંવાર બળાત્કાર કર્યો હતો. રાજુએ ગુનો કબૂલી લીધો હતો અને નિવેદન પણ આપ્યું હતું. આથી કેસ મજબુત બન્યો હતો. મેન્ટલ હૉસ્પિટલમાં મંદાને મૂકી જનાર જે સ્ત્રી-પુરુષ પોલીસના હાથે ઝડપાઈ ગયાં હતાં તેમણે પણ પોતાનો ગુનો કબુલી લીધો હતો અને નિવેદન આપ્યું હતું. રાજુએ એ જ સ્ત્રી-પુરુષની મદદથી ક્યાંક મકાન ભાડે રાખીને મંદાને ત્યાં રાખી હતી. પરંતુ મંદા સગર્ભા હોવાનું જાણવા મળતા જ એ સ્ત્રી-પુરુષ સાથે મંદાને મેન્ટલ હૉસ્પિટલ મૂકી દેવાનું ષડયંત્ર કરવામાં આવ્યું હતું.

પોલીસે કૉર્ટમાં કેસ મૂક્યો હતો એ વાતને પાંચ વર્ષ થઈ ગયા. બહેરું આયખું ને મૂંગી વ્યથા. બાળક જેવી મંદાએ ખુદ નવજાત શિશુને જન્મ આપવાની વેળા આવી હતી. એક તરફ મંદાની આવી હાલત તો બીજી તરફ મણિબા અશક્ત અને લાચાર અને માથે ઉંમરનો ભાર. છતા મણિબા ઘરનો ભાર ઉઠાવ્યે જાય છે. મણિબાની આંખમાં તગતગતા આંસુ શિયાળાની સંધ્યાએ વીજબત્તીના તેજમાં ચમકી રહ્યા છે. મંદા પોતાની મસ્તીમાં ખિલખિલાટ હસતી જોવા મળે છે. તેના ખોળામાં ચાર વર્ષના રાજકુમાર જેવા બાળક દીપકની આંખોમાં ઘણા સવાલો છે પણ હવે મંદા શું બોલે? અને મણિબા પણ શું બોલે?

# સમયની સરકતી રેત...!! મૈં ગયા વક્ત નહિ હું, જો લૌટ કે ફિર આ ના સકું...!!

'સાસુએ થોડું સમજી લેવું જોઈએ કે નહીં ? આટલા શું જીદ્દી થવાનું ? હું ક્યાં કોઈ ખાવાની વસ્તુ બનાવી આપવાની ના પાડું છું ?' મોરલીની મનોમન બડબડ શરુ થઈ હતી. સવારથી કામે લાગેલી તે રાત્રે મોડે સુધી જાગીને એણે દીકરા નમનનો પ્રોજેક્ટ પતાવ્યો હતો. સવારે જલ્દી ઉઠીને એણે પતિ મહર્ષિ માટે ગાજરનો હલવો બનાવી ટિફિનમાં પૅક કરી આપ્યો હતો.

'સાહેબની ફરમાઈશ હતી, એમનું શું જાય બોલવામાં ? અહીં મારી દોડધામ વધી જાય છે, કોને કહેવાનું ?' મોરલીના જાત સાથે જ બડબડ ચાલુ જ હતી. હોળી બાદ કામવાળા પાછા ફરક્યા નહોતા, પતિ અને બાળકોને ડબ્બો બનાવી આપ્યા બાદ થોડો શ્વાસ લેવા સમય મળતો હતો ત્યાં સિંક ભરીને પડેલા વાસણો બોલાવતાં હતા...

કામને ઠેકામે કરવાં લાગેલી મોરલીને મમ્મીએ સાદ પાડ્યો, 'મોરલી, બપોરે જમવાનું શું છે ?' અને આ પ્રશ્નથી એ છેડાઈ ગઈ, 'મમ્મી, હજુ હમણાં તો ઉપમા અને ગાજરનો હલવો ખાધો ને ?' થોડીક શાંતિ તો રાખો, હાથ ધોયો નથી ત્યાં બપોરના જમવાની ચિંતા ?' સાસુ કશું બોલ્યા વગર ત્યાંથી નીકળ્યા પણ મનમાં બબડ્યા, 'હશે, હશે, ચાલવા દે તારું કામ, કોઈ ટૅન્શન ના લઈશ...'

રસોડું ચોખ્ખું ચણાક કરી બધું વ્યવસ્થિત કરવા સુધી મોરલીને બપોરની રસોઈનો વિચાર પણ અકળાવતો હતો. બધું ઠેકાણે પાડતાં એક વાગી ગયો. એણે વિચાર કર્યો બંને એકલાં જ છીએ ઝડપથી ખિચડી ઓરી દઉં. મમ્મીનાં રૂમમાં જઈને જોયું તો એમને આંખ લાગી ગઈ હતી. એણે ઢીલી ખીચડી બનાવી, ફટાફટ ચાર પાપડ શેકી લીધાં અને લીંબુના અથાણા સાથે થાળી પીરસી દીધી. સાસુને પણ જમવાની મજા પડી ગઈ, એમણે સ્વાદિષ્ટ ખિચડી ખાઈ ઓડકાર આવ્યો. મોરલી પરવારવામાં પડી, સાસુ ત્યાં જ આંટા મારતાં હતા. એટલે મોરલીએ પૂછ્યું, 'બીજું કંઈ જોઈએ છે.'

> *હાથમાંથી રેત જેમ જ સરી જશે પછી,*
> *રોજ ચીડવશે તને કે, 'લે, સમય ચાલ્યો ગયો!'*
> *- મન પાલનપુરી*

'એમ ખાસ કંઈ નહીં, પણ નમન સ્કૂલમાંથી આવે એટલે નાસ્તામાં મેગી કે પાસ્તા બનાવીશ ને?' ત્યારનું ત્યારે જોઈશું, અત્યારથી શું કામ એનો વિચાર કરો છો ? જાવ આરામ કરો.' મોરલીએ જરા કંટાળો કરતાં જ કહ્યું.

> **હેલ્લો ફ્રેન્ડ્સ!**
> **કરંટ અફેર્સ અને યુવાનોની વાતો સાથે વિશાળ વાંચક વર્ગ ધરાવતી આ કોલમ સળંગ ૩૧૧માં હપ્તા સાથે સાતમાં વર્ષમાં એન્ટ્રી કરે છે.**
> **પ્રિય સંજય થોરાત 'સ્વજન'ને દિલથી ઢગલાબંધ શુભેચ્છા. 'ગાંધીનગર સમાચાર'માં કટાર લેખક તરીકે શરૂ થયેલી એની કારકિર્દી ગાંધીનગર સાહિત્યની વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય ભૂમિકા ભજવે છે, જેનું ગૌરવ છે.**
> **- કૃષ્ણકાન્ત જહા**
> **મેનેજીંગ તંત્રી**

મમ્મી તો સુઈ ગયાં પણ મોરલીનું વિચારચક્ર શરુ થઈ ગયું. એક ટંકનું જમવાનું પત્યુ નથી ત્યાં તો તરત બીજાની માંગણી શરુ, ખબર નહીં કેમ આમ કરે છે ? પહેલાં તો મમ્મી આવાં નહોતાં. જાતે રસોઈ બનાવી જમાડતાં, કેટકેટલી વાનગી બનાવતાં, પણ જયારથી પપ્પાનું અવસાન થયું છે, એમ એમણે રસોડામાં હાથ લગાડવાનું જ બંધ કર્યું છે. છેલ્લાં કેટલાંય દિવસોથી સવાર-સાંજ, આજે શું બનાવીશ એમની ભૂખ વધી ગઈ હતી. નાસ્તો પતે કે લંચ અને પછી સાંજનો નાસ્તો, ડિનરની પૂછપરછ ચાલુ જ રહેતી. મોરલી તો આ ટકટકથી કંટાળી ગઈ હતી.

એમ તો મોરલીના સાસુ એને પુષ્કળ પ્રેમ કરતાં હતા. સાસુવેડા એમણે કયારેય કર્યા જ નહોતા. મહર્ષિ એમનો એકમાત્ર દીકરો. આમ તો મોરલીને સાસુનો કંટાળો કરવાનું કોઈ કારણ નહોતું. પણ સાસુના આ વારેઘડીએ ખાવાની વાત પર એ અખળાઈ હતી. ઘણાં દિવસો સુધી એણે મગજ શાંત રાખ્યું પણ હવે એની લિમિટ આવી ગઈ હતી. અને પછી એ સાસુને બે શબ્દો બોલી બેસતી. સાસુ તો ઉતરેલો ચહેરો જોઈ પાછી એને ગ્લાનિ પણ થતી. એને સમજાતું ન હોતું કે આ સમસ્યાનો ઉપાય શૉ કરવો ?

આજે મહર્ષિ સાઉદી અરેબિયાથી પાછો ફરતો હતો. પંદર દિવસથી ઑફિશિયલ ટૂર પરથી પાછા ફરી રહેલો પતિ માટે મોરલી કંઈક ખાસ વાનગી બનાવવાનું વિચારતી હતી. ત્યાં એના મોબાઈલની રિંગ વાગી, 'મોરલી, હું બોલું છું, શાંતિથી સાંભળ.' મહર્ષિનો ગંભીર અવાજ સાંભળીને મોરલી ડિસ્ટર્બ થઈ ગઈ. મહર્ષિ બોલતો હતો, 'હું હજુ એરપોર્ટ પર પહોંચ્યો નથી. કોઈ બળાત્કારીને સજા ફરમાવવા માટે લોકો રસ્તા પર ઊતરી આવ્યાં છે. તેઓ હિંસક બન્યાં છે. પોલીસે ગાડીઓ રોકી રાખી છે. હું ગાડીમાં જ છું. વ્યવસ્થિત છું. મારાં મોબાઈલની બેટરી ગમે ત્યારે ડિસ્ચાર્જ થાય એમ છે. તને એરપોર્ટ પહોંચી ફોન કરું છું. ચિંતા કરતી નહીં.'

ફોન હાથમાં પકડીને જ મોરલી સોફામાં ફસડાઈ પડી. કેટલો સમય જતો રહ્યો ખબર ના પડી. મમ્મીએ જયારે એનો ખભો હલાવી પૂછ્યું ત્યારે ભાનમાં આવી. એણે બધી વાત સાસુને કરતાં પણ એની જીભ લોચા મારતી હતી. મનમાં સતત નેગેટીવ વિચારો જ આવતાં હતાં. મહર્ષિનો ફોન આવીને ચાર કલાક થઈ ગયા. એ રૂમમાં આંટા ફેરા મારીને થાકી હતી. ઘડિયાળનો કાંટો આગળ ખસતો જ નહોતો. મોરલી વારેઘડીએ ફોન સામે હતાશ નજરે જોઈ લેતી હતી. એટલામાં એનાં નાકમાં દાળનાં વઘારની સુવાસ આવી. ત્યારે યાદ આવ્યું કે એણે સવારથી કશું ખાધું જ નથી. કંઈ એટલે કંઈ જ નહીં, અને એને કકડીને ભૂખ લાગી. મમ્મી પણ ભૂખ્યા જ હશે એ વિચારથી એ હચમચી ગઈ...

ફટાક દઈને ઊઠીને એ રસોડામાં ગઈ. જઈને જોયું તો મમ્મીએ થાળી પીરસી હતી. દાળ, ભાત, ભીંડાનું શાક - રોટલી. સાચે તો આટલાં ટેન્શનમાં પણ મમ્મીને ખાવાનું સુઝે છે એ વાતની મોરલીને ગુસ્સો આવવો જોઈતો હતો, પણ ભૂખના કારણે એ ગુસ્સો ગળી ગઈ. તો પણ મોરલી નિરાશ વદને બોલી, 'મમ્મી તમે જમી લો. મને તો કંઈ સૂઝતું નથી. એમનો ફોન આવશે પછી જ જમીશ.' મોરલીને પ્રેમપૂર્વક ચેર પર બેસાડતાં મમ્મી બોલ્યાં, 'મોરલી,આટલી ચિંતા ન કરીશ. અને મનમાં કોઈ આડાઅવળા વિચાર પણ ન લાવીશ. કંઈ જ અમંગળ થશે નહીં. અને તું જો ભૂખી રહીશ તો શું એને ત્યાં કંઈ મદદ મળશે ? બે કોળીયા ખાઈ લે. એટલામાં એનો ફોન આવ્યો જ જાણજે.'

અનુસંધાન પાના નં. ૭ પર